બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડના વહિવટ માટે વડી કચેરી માટે મંજુર કરેલ મહેકમ ની આઠ (૮) હંગામી જગ્યા ચાલુ રાખવા અંગે.

તા:- ૨૯/૨/૨૦૧૨ સુધી ચાલુ રાખવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૦૨૦૦૩/૭૫૭/જ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:- ૨૩/૨/૨૦૧૧

**વંચાણે લીધા :-**

(૧) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા:- ૩/૨/૨૦૧૦ નો ઠરાવ

(૨) બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડનો તા.૪/૨/૨૦૧૧નો પત્રાંક:-બે.સ્વા.અ.પ.વિ.બો/૧૧/૫૭

**ઠરાવ :-**

(૧) આ વિભાગનાં સરખા ક્રમાંકના આમુખ ક્રમાંક:- ૧ માં દર્શાવેલ તા.૩/૨/૨૦૧૦ નાં ઠરાવ અન્વયે, બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડના મહેકમની ૮ (આઠ) હંગામી જગ્યાઓ તા.૨૮/૨/૨૦૧૧ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

(૨) બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડના આમુખ ક્રમાંક (૨) માં દર્શાવેલ તા.૪/૨/૨૦૧૧ ના પત્ર અન્વયે,આ બોર્ડની આઠ જગ્યાઓને તા. ૨૯/૨/૨૦૧૨ સુધી ચાલુ રાખવાની ભલામણ સહ દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૩) આ બોર્ડની પ્રશ્ન હેઠળની આઠ હંગામી જગ્યાઓની મુદત લંબાવવાની બાબત સરકારશ્રી ની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે બોર્ડની આઠ (૮) હંગામી ભરાયેલી જગ્યાઓને નીચે જણાવેલ શરતોને આધિન તા:-૧/૩/૨૦૧૧ થી તા:-૨૯/૨/૨૦૧૨ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ (૧) | જગ્યાનું નામ (૨) | પગાર ધોરણ (૩) | જગ્યાની સંખ્યા (૪) |
|---|---|---|---|
| ૧. | સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) | રૂા.૯૩૦૦-૩૪૮૦૦ | ૧ |
| ૨. | મેનેજર (વહિવટ) (વર્ગ-૨) | રૂા.૯૩૦૦-૩૪૮૦૦ | ૧ |
| ૩. | કચેરી અધિક્ષક (વર્ગ-૩) | રૂા.૯૩૦૦-૩૪૮૦૦ | ૧ |
| ૪. | જુનિયર કારકૂન (વર્ગ-૩) | રૂા.૫૨૦૦-૨૦,૨૦૦ | ૧ |
| ૫. | પટાવાળા (વર્ગ-૪) | રૂા.૧૩૫૦/ થી નિયત | ૧ |
| ૬. | ગુજરાતી ટાઈપીસ્ટ (વર્ગ-૩) | રૂા.ઉચ્ચક વેતન રૂા.૧૫૦૦/ | ૧ |
| ૭. | પટાવાળા | રૂા.૪૪૪૦-૭૪૪૦ | ૧ |
| ૮. | ડેટા એન્ટ્રી ઓપરેટર | રૂા.૨૫૦૦/- ફીકસ પગારે ૧૧ | ૧ |
| | | માસના કરાર આધારીત | |
| | | કુલ : | ૮ |

(૧) આ જગ્યાઓ જે હેતુ માટે ઉભી કરેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સને.૨૦૧૧-૧૨ ના વર્ષ માટે ફાળવાયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે. તેમજ નિયત થયેલ સદરે ઉધારવાનું રહેશે.

(૩) ખાલી જગ્યાઓ અંગે નાણા વિભાગની વખતો વખતની સૂચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) આ હંગામી જગ્યાઓની મુદત પૂરી થાય તેના ચાર માસ પહેલાં તેને ચાલુ રાખવાની દરખાસ્ત મોકલવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રીની તા.૧૦/૨/૨૦૧૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(વી.બી.પઢારિયા)**
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

**પ્રતિ,**

- સચિવશ્રી,બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ,બ્લોકનં.૪/૧,ડાૅ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,૪/૨,ડાૅ.જીવરાજ મહેતા ભવન,ગુજરાત રાજય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજય,અમદાવાદ/રાજકોટ.
- પે એન્ડ એકાઉન્ટન્ટ,ગુજરાત રાજય,ગાંધીનગર
- રેસીડેન્ટ ઓડિટ ઓફિસર,ગુજરાત રાજય,ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા),બ્લોકનં.૪/૮/, નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ.

RAJ20-98-99